# મોરારિબાપુ પ્રેરિત સીતારામ સેવા મંડળ મહુવા દ્વારા પૂરગ્રસ્તો માટે પાંચ લાખની સહાય

મહુવા, તા. ૨૫ઃ સૌરાષ્ટ્રના પોરબંદર તથા જૂનાગઢ જિલ્લાના વિસ્તારોમાં અતિભારે મેઘવર્ષા થઇ છે. પોરબંદર તથા વેરાવળ અને



આસપાસના વિસ્તારોમાં અતિવૃષ્ટિથી ભારે નુકસાન થયું છે. આવી મુશ્કેલ પરિસ્થિતિમાં તાત્કાલિક ધોરણે જેમને વધુ નુકસાન થયું છે તથા રાહત મળે તે હેતુથી શ્રી હનુમાનજીની પ્રસાદીરૂપે મોરારિબાપુ અને ચિત્રકૂટધામ તલગાજરડા દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં રૂા. પાંચ લાખની સહાય મોકલવામાં આવી છે. યોગ્ય સ્વયંસેવકો દ્વારા જરૂરિયાતમંદ વ્યકિતઓને આ રાશિનું વિતરણ કરવામાં આવશે.